સત્યમેવ જયતે
GOVERNMENT OF GUJARAT

શાહમીના હુસૈન, આઈ.એ.એસ.
અગ્ર સચિવ અને કમિશનર

ક્રમાંક : સંકલન/ચૂંટણી/કામગીરી/મુક્ત/૨૨
કમિશનર, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ,
બ્લોક નં. ૫/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨૦૧૦

તારીખ : 20 OCT 2022

પ્રતિ,
જિલ્લા ચુંટણી અધિકારી અને
કલેકટરશ્રી,
કલેકટર કચેરી (તમામ)

**વિષય** : ચૂંટણી કામગીરીમાંથી મુક્તિ આપવા બાબત...
**સંદર્ભ**: નાયબ સચિવશ્રી, મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગર ના પત્ર ક્રમાંક:ઈએલસી/૧૦૨૨/૧૨/છ(પો.સ્ટા.), તા.૨૭/૪/૨૨.

ઉપરોકત વિષય બાબતમાં આરોગ્ય વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં રસીકરણ, રોગ અટકાયત, ત્વરીત સારવાર નિદાન વિગેરે બાબતોનો સમાવેશ થાય છે. હાલમાં રાજ્યમાં કોવીડ-૧૯ ની મહામારી પણ પ્રવર્તમાન છે. હાલમાં સમગ્ર રાજયમાં કોરોનાની મહામારી દરમિયાન આરોગ્ય વિભાગનો સ્ટાફ સંપૂર્ણ રીતે સંકળાયેલ હોઈ તેમજ હાલમાં વેક્સીનેશનની કામગીરી પણ ચાલુ હોઈ, રોગચાળાની પરિસ્થિતિ, આકસ્મિક બનાવો તેમજ મેલેરીયા, ડેન્ગ્યુ, સ્વાઇનફ્લુ, કમળા જેવા રોગોની પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવાની કામગીરીમાં આરોગ્ય તંત્રનું જિલ્લા, તાલુકા, અને ગ્રામ્ય કક્ષા સુધીના સ્ટાફ જેમાં તબીબી સંવર્ગ અને પેરામેડીકલ સંવર્ગ રોકાયેલ હોય છે. આ સંજોગોમાં સને-૨૦૨૨ વિધાનસભાની સામાન્ય ચુંટણી ની કામગીરીમાંથી બાકાત રાખવા માન. મુખ્ય ચુંટણી અધિકારીશ્રી અને હોદાની રુએ સચિવશ્રી, ચુંટણી પ્રભાગ, ગાંધીનગર ને રજુઆત કરવામાં આવેલ.

ઉક્ત રજુઆત ના સંદર્ભમાં નાયબ સચિવશ્રી, મુખ્ય ચુંટણી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર એ ઉકત સંદર્ભમાં જણાવેલ પત્રથી જણાવ્યા મુજબ રાજયના ડોક્ટર્સ, નર્સ, એ.એન.એમ. સહિતનો મેડીકલ સ્ટાફ, આયુષ ડિપાર્ટમેન્ટના આયુર્વેદિક, યુનાની અને હોમીયોપેથિક મેડીકલ ઓફિસર્સને ચુંટણી કામગીરીમાંથી મુક્તિ આપવામાં આવેલ છે. પત્રની નકલ આ સાથે સામેલ છે.

રાજ્યમાં આરોગ્ય વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં જુદી જુદી હોસ્પીટલો મારફત તબીબી સારવાર ની રોજિંદી કામગીરીની સાથોસાથ આકસ્મિક રોગચાળા, કોવીડ-૧૯, મેલેરીયા, ડેન્ગ્યુ, સ્વાઇન ફ્લુ, કમળા જેવા રોગોની પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવાની કામગીરીમાં આરોગ્ય તંત્રનો સ્ટાફ સતત રોકાયેલ હોય છે. તેમજ નિયમિત કાર્યક્રમો જેવા કે, મમતા દિવસ ઉપરાંત ઝુંબેશ આધારિત પોલીયો કાર્યક્રમ, કોવીડ રસીકરણ સાથે સંકળાયેલા સ્ટાફને જો ચુંટણી કાર્યોમાં જોડવામાં આવે તો આકસ્મિક રોગચાળા અને નિયમિત કાર્યક્રમોને માઠી અસર પડશે.

ફોન : (ઓ) + ૯૧ ૭૯ ૨૩૨૫૩૨૭૧ ઈ-મેઈલ : cohealth@gujarat.gov.in

આમ રાજ્યમાં ચાલતી આરોગ્ય વિષયક સતત કામગીરીને માઠી અસર ન પડે તે ધ્યાને લઈ રાજ્યના આરોગ્ય તંત્ર હેઠળના ડોક્ટર્સ, નર્સ, એ.એન.એમ. સહિતનો મેડીકલ સ્ટાફને ચુંટણી કામગીરીમાંથી મુકત રાખવા અતિ આવશ્યક હોઈ, આપના તરફથી વિધાનસભા-૨૦૨૨ ની ચુંટણી કામગીરીમાં આરોગ્ય સેવાના ડોકટરો અને પેરામેડીકલ સ્ટાફને ચુંટણીની કામગીરીમાં ફરજ બજાવવાના આદેશ ન કરવા અને જો આદેશ કરવામાં આવેલ હોય તો તે આદેશો રદ કરવા વિનંતી કરવામાં આવે છે.

બિડાણ: ઉપર મુજબ

**કમિશનર અને અગ્રસચિવ**
આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી
શિક્ષણ (આરોગ્ય વિભાગ) ગાંધીનગર

**નકલ રવાના:**

- વિભાગીય નાયબ નિયામકશ્રી,
  આરોગ્ય અને તબીબી સેવાઓ (તમામ)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ
  જિલ્લા પંચાયત, (તમામ)
- મુખ્ય જિલ્લા તબીબી અધિકારી
  સહ સિવિલ સર્જન (તમામ)

**નકલ સવિનય સાદર રવાના :**

- મા. ચૂંટણી કમિશ્નરશ્રી, રાજ્ય ચૂંટણી પંચ, નવા સચિવાલય, ગાંધીનગર

ELECTION IMMEDIATE


# OFFICE OF THE CHIEF ELECTORAL OFFICER
GUJARAT STATE

Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No.: 079-23250324
079-23250319

**General Administration Department (Election Division)**
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.


ક્રમાંક: ઈએલસી/૧૦૨૨/૧૨/છ(પો.સ્ટા.)

તા:૨૭/૦૪/૨૦૨૨

IWDMS No. 46838 Dt. 29/4/2022

પ્રતિ,
કમિશ્નરશ્રી,
આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ,
બ્લોક નં.૫/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
સરદાર ભવન, ગાંધીનગર.

વિષય: વિધાનસભા સામાન્ય ચૂંટણી- ૨૦૨૨
**રાજ્યના આરોગ્ય તંત્ર હેઠળ ફરજો બજાવતાં કર્મચારીઓ/અધિકારીઓને ચૂંટણીલક્ષી કામગીરીમાંથી મુક્તિ આપવા બાબત.**

સંદર્ભ: આપનો તા: ૨૫/૦૪/૨૦૨૨ નો પત્ર ક્ર: વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨/કામગીરી મુક્તિ/૨૨.

મહોદયા,

ઉપર્યુક્ત વિષયના સંદર્ભ હેઠળના આપના તા.૨૫/૦૪/૨૦૨૨ ના પત્ર સંદર્ભે આજ્ઞાનુસાર જણાવવાનું કે, વિધાનસભા/લોકસભાની સામાન્ય ચૂંટણીઓ દરમિયાન સમગ્ર રાજ્યમાં મતદાન સ્ટાફની ભારે અછત રહે છે. ખાસ કરીને અમદાવાદ જિલ્લો, જ્યાં ૨૧-વિધાનસભા મતવિસ્તારો આવેલ છે, જ્યાં મતદાન સ્ટાફ મેળવવા માટે ખૂબ જ મુશ્કેલી પડે છે. આ ઘટ નીવારવા સચિવાલયના કેટલાક વિભાગો તથા ગાંધીનગર જિલ્લાની કેટલીક કચેરીઓનો સ્ટાફ અત્રેથી અમદાવાદ જિલ્લાને ફાળવી આપવામાં આવેલ છે.

૨. ઉક્ત પરિસ્થિતિ ધ્યાને લેતાં, રાજયના આરોગ્ય તંત્ર હેઠળ ફરજો બજાવતાં કર્મચારી/અધિકારીઓને ચૂંટણી કામગીરીમાંથી મુક્તિ આપવાની આપની વિનંતી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

૩. વધુમાં જણાવવાનું કે, રાજ્યના આરોગ્ય તંત્રને વિપરિત અસર ન પહોંચે એ માટે, અત્રેની કચેરીના ૧૦/૦૩/૨૦૨૨ ના પત્ર ક્ર: ઈએલસી/૨૦૨૨/૦૫/છ(પોલીંગ સ્ટાફ)થી સર્વે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓને આપવામાં આવેલ મતદાન સ્ટાફનો ડેટાબેઝ તૈયાર કરવા સંબંધિત વિસ્તૃત સૂચનાઓમાં, રાજ્યના ડોક્ટર્સ, નર્સ, ANM સહિતનો મેડિકલ સ્ટાફ, આયુષ ડિપાર્ટમેન્ટના આયુર્વેદિક, યુનાની અને હોમીયોપેથિક મેડિકલ ઓફિસર્સને ચૂંટણી કામગીરીમાંથી મુક્તિ આપવામાં આવેલ છે. તે સંજોગોમાં આરોગ્યલક્ષી સેવાઓ ખોરંભાય તેવી શક્યતા નથી.

૪. ઉક્ત વિગત ધ્યાને લઈ, સંબંધિત ચૂંટણી અધિકારીશ્રી દ્વારા મતદાન સ્ટાફ અંગે માંગેલ માહિતી તેઓને સત્વરે પુરી પાડવા તથા તેની અત્રે જાણ કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(એમ. બી. દેસાઈ)
નાયબ સચિવ,
મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી
ગુજરાત રાજ્ય.

CPO

નકલ જરૂરી કાર્યવાહી અર્થે રવાના પ્રતિ,

- કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, અમદાવાદ.
- ચૂંટણી અધિકારીશ્રી, ૪૫-નારણપુરા વિધાનસભા મતવિભાગ અને નાયબ કલેક્ટર, ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી(ઓ.એન.જી.સી.), અમદાવાદ.